# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : હું ગ્રંથપાલ તરીકેની સરકારી નોકરીમાં કારકિર્દી બનાવવા માગુ છું. આ અંગે માર્ગદર્શન આપશો.**

**- પટેલ શિવમ ભગવાનદાસ, ડીસા**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જુદા જુદા વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકની કચેરીમાં ગ્રંથપાલ વર્ગ-૩ના સીધી ભરતીની જગ્યાઓ અન્વયે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

- **વય મર્યાદા :** સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ૧૮ વર્ષથી ઓછી નહિં અને ૩૬ વર્ષથી વધુ નહિં તેટલી હોવી જોઇએ. મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે વયમર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.
- **શૈક્ષણિક લાયકાત :** ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇ પણ યુનિવર્સિટીમાંથી અથવા તે તરીકે માન્ય કરેલ અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અથવા યુ.જી.સી. એક્ટ- ૧૯૫૬ની સેક્શન ૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી યુનિવર્સિટીમાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે. અને ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય કરેલી અથવા યુ.જી.સી. એક્ટ-૧૯૫૬ની સેક્શન-૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ગ્રંથપાલ અને માહિતી વિજ્ઞાન (લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ)માં પદવી ધરાવતો હોવો જોઇશે.

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે. ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

- **પરીક્ષા પદ્ધતિ :** પ્રથમ તબક્કામાં સ્પર્ધાત્મક લેકિત કસોટી અને બીજા તબક્કામાં કમ્પ્યૂટર પ્રોફિશન્સિ ટૅસ્ટ- એમ બે કસોટી લેવામાં આવશે.
- સ્પર્ધાત્મક લેખિત કસોટી (પ્રથમ તબક્કાની પરીક્ષા) :

સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબનો રહેશે.

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન, ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યૂટરને લગતું સામાન્ય જ્ઞાન, ટૅસ્ટ ઑફ રિઝનિંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ વગેરે | ૩૦ | ૧૨૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૨૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને (લઘુત્તમ) સંબંધિત વિષયનું પેપર | ૯૦ | |
| | કુલ ગુણ | ૧૫૦ | |

પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.

ક્રમ ૧ થી ૩ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ ધોરણ ૧૨ (HSC)ની સમકક્ષ રહેશે. ક્રમ ૪ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલી છે તેને સમકક્ષ રહેશે.

આ પરીક્ષા M.C.Q. અને O.M.R. પદ્ધતિ દ્વારા લેવામાં આવે છે. નેગેટિવ ૦.૨૫ માર્કિંગ લાગુ પડશે.

પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારની બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિશન્સિ ટૅસ્ટ લેવામાં આવે છે. જે સંવર્ગના ભરતી નિયમોમાં ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત સ્નાતક કે તેથી વધુ નિયત કરવામાં આવેલી હોય તેવા સંવર્ગના ઉમેદવારો માટેની કમ્પ્યૂટર પ્રોફિશન્સિ પરીક્ષાનો અભ્યાસક્રમ.

**સમય : - ૦૧:૧૫ કલાક**

| ક્રમ | વિષયનું વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧ | એક્સેલ સ્પ્રેડશીટ | ૧૫ |
| ૨ | ઇ-મેઇલ કરવા (વિથ ફાઇલ ઍટેચમેન્ટ) | ૧૫ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૫ |
| ૪ | વર્ડ ટાઇપિંગ/ વર્ડ ફોરમેટિંગ (અંગ્રેજી-ગુજરાતી) | ૩૦ |
| | કુલ ગુણ | ૭૫ |

- **પસંદગી/ પ્રતીક્ષા યાદી તૈયાર કરવાની પદ્ધતિ :** ઉમેદવારોએ ઉક્ત પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિશન્સિ ટૅસ્ટ - એમ બંને કસોટીમાં મેળવેલા ગુણના મેરિટ્સના આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ પસંદગી / પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.
- **નોંધ :** આ માહિતી માત્ર દિશાસૂચન માટે છે. તેમાં લાયકાતના ધારાધોરણો મંડળ દ્વારા પ્રસિદ્ધ કરાતી નવી જાહેરાત મુજબના રહેશે તેથી આ માહિતી અંતિમ ન ગણવામાં આવે.

**મંડળનું સરનામું : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**
"કર્મયોગી ભવન", બ્લોક નં. ૨, પહેલો માળ,
નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦-એ ગાંધીનગર-૩૮૨૦૧૦.
**વેબસાઇટ :** https://gsssb.gujarat.gov.in/

---

**પ્રશ્ન : મેં ધોરણ-૧૨ કોમર્સ વિષય સાથે પાસ કર્યુ છે. મને કંપની સેક્રેટરીના અભ્યાસક્રમો વિશે માહિતી આપવા વિનંતી.**

**- અંજલિ આર. ડાભી**

**કંપની સેક્રેટરી (CS) અભ્યાસક્રમઃ-**

જે વિદ્યાર્થીઓમાં વ્યવસાયિક કટિબદ્ધતા અને નીતિમત્તા છે, કંપનીના હિતમાં કાર્ય કરવા માટેની ઝંખના અને જબરદસ્ત નિર્ણયશકિત છે, ઉચ્ચ કક્ષાના સંસ્થાકીય ગુણો છે, વહીવટી કુશળતા છે, પ્રત્યાયનની આવડત-કૌશલ્ય તથા આંકડાઓ અને ઇન્ફર્મેશન, ટેકનોલોજીની સમજણ છે, તેઓ જરૂરથી સારા 'કંપની સેક્રેટરી' બની શકે.

- **કંપની સેક્રેટરીનો અભ્યાસક્રમ ત્રણ તબકકાઓમાં છે.**
  (૧) ફાઉન્ડેશન કોર્સ
  (૨) ઇન્ટરકોર્સ
  (૩) ફાઇનલ

- **લાયકાતઃ-**

શરૂ-શરૂમાં આ કોર્સના દ્વાર માત્ર સ્નાતકો માટે જ ખુલ્લા હતા. પરંતુ ૧૯૯૩ થી ધોરણ-૧૨ કોમર્સ, સાયન્સ, આર્ટસ પાસ થયેલ મિત્ર કંપની સેક્રેટરીના ફાઉન્ડેશન કોર્સ કરી, પરીક્ષા આપી ડાયરેકટ સી.એસ.ના ઇન્ટરમાં પ્રવેશ મેળવી શકે છે. એટલે કે આપ કોઇપણ વિદ્યાશાખાના સ્નાતક હોવ - B.A., B.Com., B.Sc. કે B.B.A. થયા હોવ તો પણ આપ કંપની સેક્રેટરીના કોર્સમાં પ્રવેશ મેળવી શકો છો, અથવા તો આપ વિજ્ઞાન / સામાન્ય પ્રવાહમાં ધોરણ-૧૨ પાસ થયા પછી કંપની સેક્રેટરીના ફાઉન્ડેશન કોર્સમાં પ્રવેશ મેળવી શકો છો. હવે ફુલટાઇમ કોર્સ પણ થાય છે.

ફાઇન આર્ટસના સ્નાતકોને સીધો જ કંપની સેક્રેટરીના ઇન્ટરમીડિયેટ અભ્યાસક્રમમાં પ્રવેશ મળી શકતો નથી. એક મહત્વની વાત એ છે કે આપે ધોરણ-૧૨ પછી CS ના ફાઉન્ડેશન કોર્સમાં પ્રવેશ લીધા બાદ CS ના ફાઉન્ડેશનના કોર્સમાં અભ્યાસની સાથે સાથે B.A./B. Com./B.sc. નો અભ્યાસ (રેગ્યુલર વિદ્યાર્થી તરીકે) કરી શકો છો જ. આપ જો મહેનતુ વિદ્યાર્થી હો તો સ્નાતક થવાની સાથે સાથે 'CS' પણ થઇ શકો.

- **અભ્યાસ પદ્ધતિઃ-**

CS નો કોર્સ પોસ્ટલ ટયુશન દ્વારા થઇ શકે તેવો એકસ્ટર્નલ કોર્સ છે તથા દિલ્હીની ઇન્સ્ટિટયુટ દ્વારા માન્ય 'કોચિંગ સેન્ટર' માં રેગ્યુલર રીતે સાંજના સમયે કલાસીસ હોય છે. વિદ્યાર્થી તરીકે જોડાઇને પણ આ કોર્સ થઇ શકે છે. અમદાવાદ, સુરત, રાજકોટની કેટલીક કોલેજો આ રીતે 'કોચિંગ સેન્ટર' તરીકે માન્યતા ધરાવે છે. આ રીતે 'ઑરલ કોચિંગ' મેળવનાર પોસ્ટલ કોર્સ કરવો પડતો નથી. જો કે માન્ય કોચિંગ સેન્ટરના પ્રમાણપત્ર બાદ જ પરીક્ષામાં બેસવાની મંજૂરી મળે છે.

- **અભ્યાસક્રમમાં કઇ રીતે જોડાઇ શકાય ?**

આપ પોતાના શહેરના માન્ય કોચિંગ સેન્ટર દ્વારા અથવા તો ટપાલ દ્વારા જરૂરી રજિસ્ટ્રેશન ફૉર્મ મેળવી આ કોર્સ માટે 'રજિસ્ટર્ડ' થઇ શકો છો. આખા વર્ષમાં ગમે ત્યારે તમે આ કોર્સમાં જોડાઇ શકો છો. જેઓ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં રજિસ્ટ્રેશન કરાવે તેઓ તે પછીના જુન માસમાં પરીક્ષા આપી શકે અને જેઓ ૩૧ માર્ચ સુધીમાં નામ રજિસ્ટર્ડ કરાવે તેઓ ડિસેમ્બર માસમાં પરીક્ષા આપી શકે છે. તમારે ફૉર્મ આ સરનામેથી મંગાવવાનું હોય છે. જો આપ ફાઉન્ડેશન કોર્સમાં રજિસ્ટ્રેશન કરાવવા ઇચ્છતા હોવ તો નિયત કિંમતનો ડિમાન્ડ ડ્રાફટ મોકલવો. જો આપ ઇન્ટર માટે રજિસ્ટ્રેશન કરાવવા ઇચ્છુક હોવ તો નિયત કિંમતનો ડિમાન્ડ ડ્રાફટ મોકલવો. આ ડિમાન્ડ ડ્રાફટ -"The Institute of Company Secretaries of India" ના નામનો તથા નવી દિલ્હી ખાતે ચુકવવાપાત્ર હોવો જોઇએ.

**નોંધઃ-** ફી ની રકમ કે અન્ય વિગતો ફેરફાર પાત્ર હોય છે. તેથી જે તે સમયની જાહેરાતને અનુસરવું.

- **સરનામું -**

The Institute of Company Secretaries of India
ICSI House, 22, Institutional Area, Lodi Road,
New Delhi - 110003.
Email - info@icsi_india.com

- **મુંબઇ ખાતેની રિજનલ ઓફિસનું સરનામું**

Western India Regional Counsil
The Company Secretaries of India Ltd.
No. 013, (First Floor)
Jolly Maker Chambers No.11, Nariman Point,
Mumbai - 400 021.Ph. : 0120- 4522000,
Call Centre - 011 - 33132333 (સવારે ૭ થી રાત્રે ૧૧)
Email - dss@icsi.edu.

**નોંધઃ- ઉપરોકત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**
**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯
**પત્ર વ્યવહારનું સરનામું :**
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧